ભાજપ કાર્યકરોના નામે બોગસ સહી કરી ચૂંટણીલક્ષી મોટું કૌભાંડ

શહેરમાં હજારો મતદારોના નામ કમી કરવાનું ષડયંત્ર!

એક જ કાર્યકરના નામે 300થી વધુ ખોટી અરજીઓ : મુસ્લિમ મહિલાનું નામ ઉડાડવા માટે હિન્દુ કાર્યકરના નામનો દુરુપયોગ

વોટ્સએપ પર ફોર્મની નકલ મંગાવી ત્યારે જાણવા મળ્યું કે સહી તદ્દન બોગસ હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.2

શહેરમાં ચાલી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન અને મતદાર યાદી સુધારણાની ઝુંબેશ વિવાદોના વમળમાં ફસાઈ છે. ભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકરોના નામે તેમની જાણ બહાર બોગસ સહીઓ કરી, મતદાર યાદીમાંથી લોકોના નામ કમી કરવા માટેની 'ફોર્મ નંબર 7' ની વાંધા અરજીઓ મોટા પાયે સબમિટ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ મામલે રાજકીય ષડયંત્ર હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. કારેલીબાગ વિસ્તારમાં રહેતા ભાજપના સક્રિય કાર્યકર હિતેશ સાંગઠીયાને જ્યારે ચૂંટણી અધિકારીનો ફોન આવ્યો ત્યારે તેઓ ચોંકી ગયા હતા. અધિકારીએ જણાવ્યું કે તેમણે સૈયદપુરામાં રહેતી મેઝબીન નામની એક મુસ્લિમ મહિલાનું નામ મતદાર યાદીમાંથી કમી કરવા માટે વાંધો ઉઠાવ્યો છે. હિતેશભાઈએ આવી કોઈ પણ અરજી કરી હોવાનો ઈનકાર કર્યો હતો. જ્યારે તેમણે વોટ્સએપ પર ફોર્મની નકલ મંગાવી ત્યારે જાણવા મળ્યું કે તેમાં તેમનું નામ, ચૂંટણી કાર્ડ નંબર અને મોબાઈલ નંબર સાચા હતા, પરંતુ સહી તદ્દન બોગસ હતી. આ મામલો માત્ર એક કાર્યકર પૂરતો સીમિત નથી. હિતેશભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, તેમના અન્ય એક સાથી કાર્યકર મહેશ રાણા, જેઓ સામાન્ય પરિવારમાંથી આવે છે, તેમના નામે તો અંદાજે 300 જેટલા ફોર્મ ભરી દેવામાં આવ્યા છે. આ કાર્યકરના નામે 12 થી 14 બૂથના 28 થી 30 લોકો વિરુદ્ધ વાંધા ઉઠાવવામાં આવ્યા હોવાની નોટિસો મળતા સમગ્ર વિસ્તારમાં રોષ જોવા મળી રહ્યો છે. પીડિત કાર્યકર હિતેશ સાંગઠીયાએ આક્ષેપ કર્યો છે કે જ્યારે તેઓ પુરાવા સાથે કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ગયા, ત્યારે પોલીસે તેમની ફરિયાદ લેવાનો ઈનકાર કરી દીધો હતો. બીજી તરફ, કલેક્ટર કચેરી દ્વારા પણ કોઈપણ પ્રકારના વેરિફિકેશન વગર સીધી જ નોટિસો ફટકારવામાં આવતા તંત્રની કાર્યપ્રણાલી સામે પ્રશ્નો ઉભા થયા છે. ભાજપ કાર્યકરના જણાવ્યા મુજબ, આ એક વ્યવસ્થિત ષડયંત્ર હોઈ શકે છે જેનો હેતુ બે સમાજો વચ્ચે વૈમનસ્ય પેદા કરવાનો અથવા લોકશાહીના અધિકારો છીનવવાનો હોઈ શકે છે. તેમણે જણાવ્યું કે, "અમે તો મતાધિકાર આપવા માટે બેઠેલા લોકો છીએ, છીનવવા માટે નહીં." આ મામલે સીસીટીવી ફૂટેજ ચેક કરી દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

શું છે કાયદો?

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ 1950 ની કલમ 31 હેઠળ, ચૂંટણીલક્ષી દસ્તાવેજોમાં ખોટું નિવેદન આપવા બદલ એક વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. છતાં વડોદરામાં આવા તત્વો બેફામ બન્યા છે.

અભમયની મહિલા ટીમે યુવકને સાત્વના આપી : સુખદ સમાધાન કરાવ્યું

6 મહિનાથી પેરાલિસીસથી કંટાળી ગયેલા યુવકે સ્યુસાઈડ કરવા ઘર છોડી નીકળી ગયો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ગોરવા વિસ્તારમાં રહેતા યુવકને પેરાલિસીસ થઈ ગયો હોય છેલ્લા 6 મહિનાથી પથારીવશ છે જેથી યુવક જિંદગી કંટાળી જતા મોપેડ લઈને ઘરમાં કોઈને કહ્યા વિના નીકળી ગયો હતો અને ઘરે પરત નહી આવી સ્યુસાઈડ કરવા માટે જણાવતો હતો.

જેથી ગભરાઈ ગયેલા માતો અભમયનો સંપર્ક કરતા ટીમે યુવકનું કાઉન્સેલિંગ કરવા સાથે યોગ્ય રીતે સમજાવી આત્મહત્યાનો વિચાર નહી કરવા સમજાવતા યુવક પણ સજી ગયો હતો અને ઘરે પરત જવા રાજી થયો હતો. જેથી માતાએ અભયમનો આભાર વ્યક્ત કર્યો છે. વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં રહેતી માતાએ 181 અભમયના હેલ્પલાઈન નંબર ફોન કરી

મદદમાગતા જણાવ્યું હતું કે મારાં છોકરાને સમજાવો કે ઘરે આવે. એને 6 મહિનાથી પેરાલીસીસ થઈ ગયો છે અને હવે જીવન ટૂંકવવાની જ વાતો કરે છે. અભ્યાસ પણ કરતો નથી ડોક્ટરનું કેહવું છે કે મારાં છોકરાને GBSનો રોગ છે. જેના કારણે હાથ પગમાં પેરાલીસીસ હોય થોડું થોડું ચાલી શકે છે.

ગાડી ચલાવવા ના પાડી છે છતાં આજે એકટીવા લઈને કોઈને કહ્યા વગર નીકળી ગયો છે. સારવાર ચાલુ છે પણ દવા ગળવાની પણ ના પાડે છે. હાલ મને ગમે તેમ બોલે છે અને ઘરે આવતો નથી. અભયમની ટીમે તુરંત સ્થળ પર પહોંચી પીડિત મહિલાના દીકરાને અસરકારક કાઉન્સલિંગ કર્યુ હતું. જેમાં યુવકે જણાવ્યું કે હું આ બીમારીથી કંટાળી ગયો છું મારે આવું જીવન જીવીને શું મતલબ છે. મારું કોઈ ભવિષ્ય નથી આમાં એટલે હવે મારે ઘરે જવુ નથી.

પીડિત મહિલાના દીકરાને સાંત્વના સભર આશ્વાશન આપી ઘરે જવા માટે સમજાવ્યો હતો અને તેને આત્મહત્યાના વિચાર ના કરી કાયદાકીય સલાહ સૂચન પાડયું હતું અને GBS બીમારીની વ્યવસ્થિત સારવાર કરાવી દવા લેવા સમજણ આપી છે પીડિત બહેનનો દીકરો ઘરે આવતા મહિલા ટીમે આભાર વ્યક્ત કર્યો હતો.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં પરિણામ સુધારણા પુસ્તકનું કરાયું વિમોચન

30%થી ઓછું પરિણામ ધરાવતી શાળાઓનું પરિણામ સુધારવા ડીઈઓ કચેરીનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા ખાતે એસએસસી બોર્ડની માર્ચ 2025ની પરીક્ષામાં 30 ટકા કરતાં ઓછું પરિણામ ધરાવતી શાળાઓના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરવામાં આવેલા પરિણામ સુધારણા પુસ્તકનું વિમોચન તથા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓના શૈક્ષણિક પરિણામમાં ગુણાત્મક સુધારો લાવવા તથા અધ્યયન પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા માટે આ પુસ્તક ખાસ રીતે તૈયાર કરાયું છે. આ કાર્યક્રમ અંતર્ગત સાવલી તથા ડેસર તાલુકાની તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ તેમજ વડોદરા જિલ્લાની અન્ય શાળાઓને કુલ 5 હજાર કરતાં વધુ પુસ્તકોનું વિતરણ કરવામાં આવશે. આ પુસ્તક વિદ્યાર્થીઓને વિષયવાર માર્ગદર્શન, પ્રશ્નોત્તરી આધારિત અભ્યાસ અને પરીક્ષાલક્ષી તૈયારીમાં

મદદરૂપ બનશે. ઉપરાંત, આ પુસ્તકની ઈ-કોપી પણ ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે, જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ શકે. આ પ્રસંગે કેજેઆઈટી, સાવલીના ટ્રસ્ટી સમીરભાઈ તેમજ જિલ્લા શિક્ષણાધિકારી મહેશ પાંડે ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ આ પહેલને વિદ્યાર્થીઓના પરિણામ સુધારણા માટે મહત્વપૂર્ણ પગલું ગણાવી શૈક્ષણિક પ્રગતિ માટે શિક્ષકો અને શાળાઓને સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

મ્યુનિસિપલ કમિશનરનો મોટો નિર્ણય

આરોગ્ય વિભાગમાં મોટાપાયે અધિકારીઓની બદલી કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં ફરી એકવાર ધરખમ ફેરફારો જોવા મળ્યા છે. શહેરના મ્યુનિસિપલ કમિશનર દ્વારા આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની આંતરિક બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. વહીવટી કાર્યક્ષમતા વધારવા અને આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. મ્યુનિસિપલ કમિશનરના આ આદેશ બાદ કોર્પોરેશનના આરોગ્ય વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. સામાન્ય રીતે લાંબા સમયથી એક જ સ્થાને ફરજ બજાવતા અધિકારીઓને બદલીને તંત્રમાં નવી ઉર્જા લાવવાનો આ પ્રયાસ માનવામાં આવે છે. આગામી સમયમાં આ ફેરફારોની અસર શહેરની આરોગ્ય સુવિધાઓ અને કામગીરી પર કેવી પડશે તે જોવું રહ્યું. આ ફેરફારોને પગલે હવે નવા નિમણૂક પામેલા અધિકારીઓ વહેલી તકે પોતાનો ચાર્જ સંભાળી લેશે તેવી શક્યતા છે.

મુખ્ય અધિકારીઓની ફેરબદલ । મ્યુનિ. કમિશનર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયમાં હેલ્થ ઓફિસર, બાયોલોજિસ્ટ અને અન્ય મહત્વના હોદ્દાઓ પર ફરજ બજાવતા અધિકારીઓનો સમાવેશ થાય છે. આ બદલીઓમાં ખાસ કરીનેઃ

હેલ્થ ઓફિસર અને બાયોલોજિસ્ટઃ આરોગ્ય વિભાગના મુખ્ય માળખામાં ફેરફાર કરતા બાયોલોજિસ્ટ અને હેલ્થ ઓફિસર સ્તરના અધિકારીઓની જવાબદારીઓમાં ફેરફાર કરાયો છે.

ડૉક્ટરોની બદલીઃ સમાચાર સૂત્રો અનુસાર, ડૉ. શીમા, ડૉ. સૃષ્ટિ અને ડૉ. રોમા સહિતના અન્ય તબીબી અધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે તેમની કાર્યસ્થળમાં ફેરફાર કરવામાં આવ્યા છે.

મકાનો ફાળવવામાં નહીં આવે તો આંદોલનના માર્ગે ઉતરવાની ચીમકી ઉચ્ચારી

ગોરવા વિસ્તારના બેઘર થયેલા લોકો દ્વારા એફોર્ડેબલ હાઉસિંગની કચેરીમાં ઉગ્ર વિરોધ

ગોરવા દશામાં મંદિર ચાર રસ્તા પાસે ચાર મહિના પૂર્વે દબાણ હેઠળ પટ્ટી ના દબાણો દૂર કરાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તાર ગોરવા દશામાં મંદિર ચાર રસ્તા પાસે ઝુંપરપટ્ટીના દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. જે બાદ આજ દિન સુધી ગરીબ લોકોને મકાનો ફાળવી આપવામાં નહીં આવતા બે ઘર બનેલા ગરીબ લોકોએ એફોર્ડેબલ હાઉસિંગની કચેરી ખાતે મોરચો માંડી ઉગ્ર આક્રોશ વ્યક્ત કરી મકાનો ફાળવવા માંગણી કરી હતી.

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં ચાર મહિના પહેલા દશામા મંદિર ચાર રસ્તા પાસે મકાનો તોડવામાં આવ્યા હતા. જેમાં આશરે 2 હજાર જેટલા પરિવારોએ છત ગુમાવી હતી. ત્યારે, ચાર મહિના બાદ પણ આ ગરીબ પરિવારને કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવામાં નહીં આવતા વિસ્તારના લોકોએ આજે રાવપુરા એફોર્ડેબલ હાઉસિંગની કચેરી ખાતે પહોંચી ઉગ્ર વિરોધ સાથે ધરણા પ્રદર્શન કર્યું હતું. સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું કે, અમને આશ્વાસન આપ્યું હતું કે તમને સારી જગ્યા પર મકાનો ફાળવી આપીશું. પરંતુ, આજ દિન સુધી મકાનો આપ્યા નથી. લોકોએ પૈસા પણ ભર્યા છે અને હાલમાં લોલીપોપ પકડાવી દેવામાં આવી છે કે, કલાલી ગુલાબી વુડા આવાસમાં મકાનો ફાળવવામાં આવશે. ગઈકાલે રહીશોએ અમે બધા ભેગા મળીને ગુલાબી વુડા આવાસમાં ગયા હતા. ત્યાં જોયું તો નર્કાગાર પરિસ્થિતિ છે અને એના કરતા તો અમારી ઝુંપરપટ્ટી સારી હતી. આજે રાવપુરા શાળા નંબર એક એફોર્ડેબલ હાઉસિંગ સેલમાં રજૂઆત કરી છે. જો અમને મકાનો ફાળવી આપવામાં નહીં આવે તો ના છૂટકે અમારે આંદોલનનો માર્ગ અપનાવો પડશે.

ડસ્ટબીન ,ફીનાઈલ અને ઝાડુ સાથે અનોખો વિરોધ

એમ.એસ.યુનિવર્સિટીમાં સ્વચ્છતાની વાતો વચ્ચે સરસ્વતી ધામમાં ગંદકીની ભરમાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

સ્વચ્છ વડોદરાની વાતો વચ્ચે સરસ્વતી ધામ એવી એમ.એસ. યુનિવર્સિટીમાં ગંદકીની ભરમાર જોવા મળી રહી છે. ગર્લ્સ બોયઝ વોશરૂમની અંદર પણ સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો છે. રજૂઆત બાદ પણ સમસ્યાનું નિરાકરણ કરવામાં નહીં આવતા આજે વિદ્યાર્થી સંગઠન એબીવીપી દ્વારા કચરો મુકવા માટેની ડોલ ફિનાઈલ અને ઝાડુ સાથે યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે અનોખો વિરોધ કરવામાં આવ્યો હતો.

આજે વિદ્યાર્થી સંગઠન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના યુનિવર્સિટી અધ્યક્ષ વેદ ત્રિવેદીની આગેવાની હેઠળ વિદ્યાર્થી કાર્યકર્તાઓ યુનિવર્સિટીની હેડ ઓફિસ ખાતે પહોંચ્યા હતા. જ્યાં કચરો નાખવા માટેની ડોલ ફિનાઈલ અને ઝાડુ સાથે ઉગ્ર સુત્રોચાર પોકારી ધરણા પ્રદર્શન સાથે વિરોધ દર્શાવ્યો હતો.

વિદ્યાર્થી આગેવાનોએ માંગણી કરી હતી કે, યુનિવર્સિટીના દરેક વોશરૂમની સ્વચ્છતા નિયમિત કરવામાં આવે, યુનિવર્સિટી પરિસરમાં જે ગંદકી છે ,એ પણ સાફ કરાવવામાં આવે અને સમગ્ર યુનિવર્સીટીને હંમેશા સ્વચ્છ રાખવામાં આવે. આ ઉપરાંત યુનિવર્સિટીની તમામ ગર્લ્સ વોશરૂમની અંદર સેનેટરી પેડ વેન્ડિંગ મશીન મૂકવામાં આવે તેવી માંગણી સાથે યુનિવર્સિટીના રજિસ્ટાર ડો.કે. એમ.ચુડાસમાને રજૂઆત કરવામાં આવી હતી. જો કે આ સમય ટાણે માત્ર રજિસ્ટ્રારે તેમની રજૂઆત સાંભળતા વિદ્યાર્થી આગેવાનોએ યુનિવર્સિટીના કુલપતિ પોતે અમારી રજૂઆત સાંભળવા આવેલી જીદ પકડી ધરણા પ્રદર્શન જારી રાખ્યું હતું. બાદમાં વિદ્યાર્થી આગેવાનોએ વીસી ઓફિસ ખાતે ઘસી જઈ સમસ્યાનું વહેલીતકે નિરાકરણ લાવવા માંગણી કરી હતી.

ગુજસીટોકના સિકલીગર આરોપીના વધુ 4 દિવસના રિમાન્ડ મંજૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરના મકરપુરા સહિતના અલગ અલગ વિસ્તારમાં સિકલીગર ગેંગ દ્વારા ગુનાને અંજામ આપવામા આવતો હતો. જેથી મકરપુરા પોલીસ દ્વારા આ ગેંગ સામે ધી ગુજરાત આતંકવાદ અને સંગઠીત ગુના નિયંત્રણ અધિનિયમ 2015 (ગુજસીટોક) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં કેટલાક આરોપીઓને જેલ ભેગા કરી દેવામાં આવ્યાં હતા. ત્યારે આ ગુનામાં નાસતા ફરતા અજયસિંગ દર્શનસિંગ દુધાણ (સિકલીગર) ગત 22 જાન્યુઆરીને ઝડપી પાડવામાં આવ્યો હતો અને 2 ફેબ્રુઆરીના સુધીના રિમાન્ડ પર હતો. દરમિયાન રિમાન્ડ પુરા થતા પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કર્યો હતો. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર (ગુજસીટોક) રઘુવીર પંડ્યા દ્વારા દલીલો કરી હતી. જેમાં મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીને ફર્ધર 4 દિવસના એટલે કે 6 ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મંજુર કરાયા છે.

તંત્રની ઘોર બેદરકારી: 'સ્માર્ટ સિટી'ના દાવા પોકળ

શહેરના વોર્ડ નં-8માં 4 મહિનાથી ગટરના મળમૂત્ર વચ્ચે રહેવા રહિશો મજબૂર!

છગનભાઈની ચાલમાં ગટરના પાણી રસોડા સુધી પહોંચ્યા; બાળકો બીમારીના ખાટલે પહોંચ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

સયાજીગંજ પ્રિયલક્ષ્મી મિલ પાસેની છગનભાઈની ચાલમાં ચાર મહિનાથી ગટરના ઉભરાતા ગંદા પાણીએ સ્થાનિકોનું જીવવું દુષ્કર બનાવી દીધું છે. તંત્રની ઘોર બેદરકારી સામે આજે સ્થાનિક રહિશો વિપક્ષી નેતાઓની આગેવાનીમાં વોર્ડ નંબર 8 ની કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચ્યા હતા. જોકે, કચેરીમાં અધિકારીઓની ગેરહાજરી અને ઉદાસીનતા જોઈને લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકો અનુસાર છેલ્લા 120 દિવસથી ગટર લાઈન ચોક-અપ હોવાને કારણે મલમૂત્ર વાળું ગંદુ પાણી લોકોના રસોડા અને આંગણા સુધી પહોંચી ગયું છે. અનેક બાળકો ગંભીર બીમારીનો ભોગ બન્યા છે અને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે. વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા માત્ર આશ્વાસન જ આપવામાં આવી રહ્યું છે. વિપક્ષી મહામંત્રી વિજય જાદવની આગેવાનીમાં રજૂઆત કરવા પહોંચેલા લોકોએ સવાલ ઉઠાવ્યો હતો કે, જો આ ગંદકીના કારણે કોઈ મોટી જાનહાનિ થશે તો તેનો જવાબદાર કોણ?

સ્થાનિકનો આક્રોશ : રજૂઆતો કોઈ સાંભળતુ નથી

"અમારા ઘરમાં ગટરના પાણી ફરી વળ્યા છે, જમવાનું બનાવવું પણ મુશ્કેલ છે. અમારા નાના બાળકો સતત બીમાર પડી રહ્યા છે. અમે અનેકવાર વોર્ડ ઓફિસમાં ધક્કા ખાધા, પણ કોઈ સાંભળતું નથી. શું અમે માણસ નથી? અમને આ ગંદકીમાંથી વહેલી તકે મુક્તિ જોઈએ છે."

સુશીલાબેન, સ્થાનિક રહેવાસી (છગનભાઈની ચાલ, વોર્ડ નં. ૪)

ભરોસો વધ્યો | વોર્ડ નં. 5 માં ફરિયાદોનો ઘોધ : કમિશનરના 'વીકલી રિવ્યુ' અને 99131 66666 વોટ્સઅપ નંબર પર નાગરિકોનો વિશ્વાસ વધ્યો

શહેરીજનોએ ડ્રેનેજ મામલે પાલિકાને સૌથી વધુ દોડતી કરી!

છેલ્લા એક વર્ષમાં 1,00,000 ફરિયાદો

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેરના નાગરિકોની પાયાની સુવિધાઓ જેવી કે પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટના પ્રશ્નોના ઉકેલ માટે વડોદરા મહાનગરપાલિકા વધુ સક્રિય બની છે.

મ્યુનિસિપલ કમિશનર અરુણ બાબુના સીધા માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવેલા સાપ્તાહિક રિવ્યુ અને ટેકનોલોજીના ઉપયોગથી ફરિયાદોના નિકાલની પ્રક્રિયા ઝડપી બની છે. ગત વર્ષ 2025 દરમિયાન પાલિકાને કુલ 1લાખથી વધુ ફરિયાદો મળી હતી, જેનું સીટીઝન ચાર્ટર મુજબ નિવારણ કરવામાં આવ્યું છે. આંકડાઓ દર્શાવે છે કે પાલિકાને

સૌથી વધુ માથાનો દુખાવો ડ્રેનેજ અને વરસાદી ગટર ના પ્રશ્નો આપી રહ્યા છે. બીજી તરફ, વોર્ડ નંબર 2 માં સૌથી ઓછી ફરિયાદો નોંધાઈ છે.

આ સફળતા અંગે સ્થાનિક કોર્પોરેટર મહાવીરસિંહ રાજપુરોહિતે જણાવ્યું હતું કે, "ચારેય કોર્પોરેટરો દ્વારા વિસ્તારનું યોગ્ય આયોજન અને નાગરિકો સાથેનો સીધો સંપર્ક આ સફળતાનું મુખ્ય કારણ છે. અમે અધિકારીઓ સાથે ત્વરિત સંકલન સાધીને પ્રશ્નો ઉકેલીએ છીએ, જેથી નાગરિકોને પાલિકા સુધી જવાની જરૂર પડતી નથી." મ્યુનિસિપલ કમિશનર દ્વારા તમામ વિભાગોની કામગીરીનું દર અઠવાડિયે રિવ્યુ કરવામાં આવે છે.

જે ફરિયાદોનો સમયમર્યાદામાં નિકાલ થતો નથી, તે અંગે સંબંધિત અધિકારીઓને તાત્કાલિક સૂચના આપી પ્રશ્નો હલ કરવા આદેશ અપાયા છે.

વડોદરાની મહાનગરપાલિકાની આ સક્રિયતાને કારણે વડોદરાના સામાન્ય નાગરિકોમાં વહીવટી તંત્ર પ્રત્યેના વિશ્વાસમાં વધારો થયો છે.

પાલિકાએ નાગરિકો માટે ફરિયાદ નોંધાવવા માટે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી

પાલિકાએ નાગરિકો માટે ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા અત્યંત સરળ બનાવી છે. હાલમાં નીચે મુજબના માધ્યમો દ્વારા ફરિયાદો સ્વીકારવામાં આવે છેઃ

ટોલ ફ્રી નંબરઃ 1800 233 0265

વોટ્સઅપ નંબરઃ 99131 66666

વેબસાઇટઃ vmc.gov.in **અને મોબાઈલ એપ**

નવી સેવાઓઃ રખડતા ઢોર, શ્વાનનો ત્રાસ, વેરાને લગતી સમસ્યાઓ અને ઇ-વેસ્ટની માહિતી માટે પણ વિશેષ સુવિધા ઉમેરવામાં આવી છે. દરેક ફરિયાદ નોંધાયા બાદ નાગરિકને SMS દ્વારા ફરિયાદ નંબરની જાણ પણ કરવામાં આવે છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા રામદેવ નગર 6 નંદઘર અસામાજિક તત્વોનો અડ્ડો બન્યું?

નંદઘર અસામાજિક તત્વોનો અડ્ડો બન્યું,ભૂલકાંઓનું ભવિષ્ય અંધકારમાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેર ના પૂર્વ વિસ્તારમાં આવેલા રામદેવ નગર 6 નંદઘર અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયો હોય તેમ લાગી રહ્યું છે. નંદ ઘરની ચારે તરફ ખાલી શરાબની બોટલો બિયરના ટીન અને ગ્લાસો મળી આવતા બાળકોના ભવિષ્યને લઈ અનેક સવાલો ઉઠ્યા છે.

એક તરફ સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં નાના નાના ભૂલકાઓના ભવિષ્ય માટે ઠેર ઠેર નંદઘર બનાવવામાં આવી રહ્યા છે. પરંતુ, સૌથી મોટો પ્રશ્ન એ છે કે, આ નંદ ઘર બનાવ્યા બાદ શું નંદઘરનો યોગ્ય ઉપયોગ થઈ રહ્યો છે. એ જોવાની જવાબદારી પણ સરકારની છે. ત્યારે વડોદરા શહેરના પ્રથમ નાગરિક મેયરના જ વોર્ડમાં આવેલ રામદેવનગર છ નંબરનું નંદઘર જે

ખોડીયાર નગર પાસે આવેલું છે. જે સંપૂર્ણ બંધ અવસ્થામાં જોવા મળ્યું છે અને એનાથી પણ વિશેષ આ બંધ નંદઘરની ચારે તરફ ખાલી દારૂની બોટલોનો ઢગલો જોવા મળ્યો છે. એટલે ક્યાંકને ક્યાંક શિક્ષણનું ધામ એ શિક્ષણનું નહીં પણ નશાનું ધામ બની ગયું હોય તેમ લાગી રહ્યું છે. વડોદરા શહેરમાં ભૂલકાઓનું ભવિષ્ય બનાવવા માટે જે નંદઘર બનાવવામાં આવી રહ્યા છે. એ નંદઘર ક્યાંકને ક્યાંક આવા અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયો છે.

થોડા દિવસો પૂર્વે જ વડોદરામાં રાજ્યના શિક્ષણ મંત્રીએ મુલાકાત લીધી હતી અને માનીતા મહાનુભાવો એ અગાઉથી તૈયારી કરી રાખેલ એવી જગ્યા ઉપર મંત્રીને મુલાકાત કરાવડાવી હતી. પરંતુ ચિત્ર કંઈક અલગ છે.આવી કેટલી જગ્યાઓ છે જે જગ્યાઓથી શિક્ષણ મંત્રીને દૂર રખાયા હતા. ત્યારે વિસ્તારના નાગરિકોએ પ્રજાના પૈસે બનેલા આવા નંદઘરોને શુવ્યવસ્થિત રીતે ચાલુ કરવામાં આવે અને બંધ નંદઘરો જે અસામાજિક તત્વોનો અડો બની ગયા છે. ત્યાં પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરીને ભૂલકાઓને ભવિષ્યને અંધકારમાં ધકેલી દેતા રોકવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.